# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/079 Dt. 31/07/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હેલ્થ સીરિઝ અંતર્ગત 'હેલ્ધી જોઈન્ટ, હેલ્ધી બ્રેઈનઃ પ્રિવેન્શન એન્ડ ઈન્ટરવેન્શન' વિશે સેમિનાર યોજાયો

## એક વખત લકવો થાય એટલે દર્દી લાંબા સમય સુધી બેડ ઉપર જ જીવન પસાર કરે છે અને તેનું જીવન ઓછું થઈ જાય છે, આ એક મિથ્ય છેઃ ડો. જેન્ની ગાંધી

## રોબોટિક જોઈન્ટની સર્જરીમાં ઈજા પણ વધુ થાય છે અને સમય પણ વધુ લાગે છેઃ કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન તથા MS ડો. મનુ શર્મા

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સીરિઝ અંતર્ગત રવિવારે, તા. ૨૦ જુલાઈ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે, સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'હેલ્ધી જોઈન્ટ, હેલ્ધી બ્રેઈનઃ પ્રિવેન્શન એન્ડ ઈન્ટરવેન્શન' વિષય પર સેશન યોજાયું હતું, જેમાં MD, FRCR, FVIR, FNVIR વાસ્ક્યુલર ઈન્ટરવેન્શન ડો. જેન્ની ગાંધીએ 'બ્રેઈન સ્ટ્રોકની બીમારી અને મૃત્યુદર ઘટાડવામાં ન્યુરોની ભૂમિકા' વિશે અને કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન તથા MS ડો. મનુ શર્માએ સંધિવા નિવારણ અને સંધિવામાં સાંધા બદલવાની ભૂમિકા વિશે માહિતી આપી હતી.

ડો. જેન્ની ગાંધીએ જણાવ્યું હતું કે, 'એક વખત લકવો થાય એટલે દર્દી લાંબા સમય સુધી બેડ ઉપર જ જીવન પસાર કરે છે અને તેનું જીવન ઓછું થઈ જાય છે, આ એક મિથ્ય છે. લકવો બ્રેઈન હેમરેજ થવાના કારણે

અથવા બ્રેઈનની નળીમાં બ્લોકેજ આવવાના કારણે છે. ઉંમર વધવાની સાથે (૫૦ વર્ષથી વધુના વ્યક્તિઓએ દર ૬ મહિને) હેલ્થ ચેકઅપ કરાવવા જોઈએ, ડાયાબિટીઝ, બ્લડ પ્રેશરને કન્ટ્રોલમાં રાખવા જોઈએ. અચાનક આંખે અંધારા આવે, હાથ-પગમાં થોડા સમય માટે વીકનેસ આવે, બોલવામાં તકલીફ થવા લાગે તો ડોકટરની સલાહ અવશ્ય લેવી જોઈએ.' તેમણે વધુમાં બ્રેઈન સ્ટ્રોકની સારવારમાં ન્યુરોની ભૂમિકા વિશે વિસ્તૃતમાં સમજ આપી હતી.

ડો. મનુ શર્માએ જણાવ્યું હતું કે, 'જોઈન્ટની હાફ રિપ્લેસમેન્ટ સર્જરીની લાઈફ ૧૦ થી ૧૫ વર્ષની જ હોય છે, જ્યારે પૂર્ણ રિપ્લેસમેન્ટ સર્જરીની લાઈફ ૨૦ થી ૨૫ વર્ષની હોય છે. સમાજમાં એક ખોટી માન્યતા છે કે, જોઈન્ટની સર્જરી કર્યા બાદ દર્દી પથારીવશ થઈ જાય છે. રોબોટિક જોઈન્ટની સર્જરીમાં ઈજા પણ વધુ થાય છે અને સમય પણ વધુ લાગે છે. ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં જોઈન્ટની રોબોટિક સર્જરી કરવાની બંધ કરી દેવામાં આવી છે. જોઈન્ટ રિપ્લેસમેન્ટમાં ડોકટરની સલાહ અનુસાર ઈમ્પ્લાન્ટ નાંખવા જોઈએ. '

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'જોઈન્ટ રિપ્લેસમેન્ટની સર્જરી વધુ સમય ચાલે તે યોગ્ય નથી. જોઈન્ટ રિપ્લેસમેન્ટમાં ગભરાવવાની જરૂર નથી. જરૂર છે તે માત્ર યોગ્ય ડોકટર, યોગ્ય હોસ્પિટલ અને યોગ્ય ઈમ્પ્લાન્ટની પસંદગી કરવાની.'

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચનમાં ચેમ્બરના કાર્યો વિશે માહિતી આપી હતી. ચેમ્બર ઓફ કોમર્સની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડો. રાજન દેસાઈએ કાર્યક્રમની રૂપરેખા આપી, વક્તાઓનો પરિચય આપ્યો હતો. સમગ્ર સેમિનારનું સંચાલન SGCCI એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાનીએ કર્યું હતું. અંતે, વક્તાશ્રી દ્વારા તમામ ઉપસ્થિતોના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા અને ત્યાર બાદ સેમિનારનું સમાપન થયું હતું.